ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૧/૨૦-૨૧/ 1431 તારીખ : 06 MAY 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી વિરમદેવસિંહ કુંવરસિંહ ગોહિલ,**
**મું.ચમારડી,**
**તા.વલ્લભીપુર,**
**જી.ભાવનગર.**
**મો.નં.૯૪૨૬૨ ૧૧૨૮૧**

કેસ નં.૮૧/૨૦-૨૧

**વિષય : ફોરમના કેસ નં-૫૩/૨૦-૨૧ ના હુકમ સામે અન્યાય થવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૨/૦૧/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૫/૦૧/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૧/૨૦-૨૧/૩૬૯ તા.૩૦/૦૧/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૧/૨૦-૨૧/૪૯૩ તા.૦૮/૦૨/૨૦૨૧.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૧/૨૦-૨૧/૮૭૬ તા.૧૨/૦૩/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૫/૦૩/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
ગ્રામ્ય વિભાગીય કચેરી, **ભાવનગર.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વલ્લભીપુર.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૮૧/૨૦–૨૧**

વાદી :– **શ્રી વિરમદેવસિંહ કુંવરસિંહ ગોહિલ,**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**રજુઆતની તારીખ:– તા.૨૫/૦૩/૨૦૨૧**

હાજર રહયા :– **શ્રી વિરમદેવસિંહ કુંવરસિંહ ગોહિલ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી પી.સી.પંચાલ,કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી વિરમદેવસિંહ કુંવરસિંહ ગોહિલ, મું.ચમારડી, તા.વલ્લભીપુર, જી.ભાવનગર ની ફોરમના કેસ નં–૫૩/૨૦–૨૧ ના હુકમ સામે અન્યાય થવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૧/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૧/૨૦–૨૧/૩૬૯ તા.૩૦/૦૧/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૫/૦૨/૨૦૨૧ તથા તા.૨૫/૦૩/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી વિરમદેવસિંહ કુંવરસિંહ ગોહિલ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી.સી.પંચાલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદારશ્રી વિરમદેવસિંહ કુંવરસિંહ ગોહિલ, વલ્લભીપુર તાલુકાના ચમારડી ગામે ખેતીની જમીન ધારણ કરીએ છીએ. જે બાબતે મારી માલીકીની જમીન જગ્યાનો રેવન્યુ સર્વે નં–૧૦૪૫ પૈકી ૨૨ ની જમીન મુજબ જમીન જગ્યા ના રેવન્યુ રેકર્ડના આધાર પુરાવા ધારણ કરીએ છીએ. આ જમીન જગ્યા ઉપર વિજ કંપની દ્વારા નવું ખેતીવાડી વિજ કનેકશન આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. તે બાબતે અમોએ, વલ્લભીપુર સબ ડિવિઝન કચેરીમાં વાંધા અરજી આપેલ છે. જે વિજ કનેકશન મેળવવા માટે અરજી કરનારશ્રી જીગ્નેશભાઈ રમેશભાઈ સુતરીયા, ગામ–ચમારડી મુજબ છે. આ બાબતે અમોએ આધાર પુરાવા સાથે લેખિતમાં વિજ કંપની માં રજૂઆત કરી છે તે, રેકર્ડ ઉપર છે.

P.G.V.C.L. Bhavnagar. Redressal Forum

૧.૨ આ ઉપરોકત દર્શાવેલ વિગતો મુજબ અગાઉ આ મુદ્દે જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, ભાવનગર ખાતે આ મુદ્દો ઉભો થયો હતો અને તેમના દ્વારા આ વિજ કનેકશન બાબતે ડી.એમ.શાખા, ભાવનગર દ્વારા હુકમ કર્યો હતો તેની નકલ આ સાથે સામેલ છે. ત્યારબાદ, આ મુદ્દો જીગ્નેશભાઈ રમેશભાઈ દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, પીજીવીસીએલ, ઝોનલ કચેરી, ભાવનગર ખાતે અરજી કરેલ. જેના અનુસંધાને, તા.૨૬/૧૧/૨૦૨૦ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ. ત્યારબાદ, ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ દ્વારા હુકમ કર્યો. જેનો પત્ર નં–બીઝેડ/ફોરમ/૫૩/ ૨૦–૨૧/ ૪૧૯૦ તા.૭/૧૨/૨૦૨૦ ના કરવામાં આવેલ છે. આ બાબતે અમોને કોઈપણ પ્રકારનો જવાબ આપ્યો નહી અને અમોને આ જમીન જગ્યા ઉપર વિજ કંપની દ્વારા વિજ કનેકશન આપવા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. તે બાબતે અમોએ તપાસ કરતા, અમોની જાણમાં આવેલ છે કે, ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ દ્વારા હુકમ કર્યો છે. જે બાબતે અમો, એકદમ અજાણ છીએ.

૧.૩ આ બાબતે એકતરફી નિર્ણય લઈને અમોની સાથે અન્યાય કરવામાં આવેલ છે. આ બાબતે અમારી વિનંતી છે કે,અમારી રજૂઆત ફરીયાદ ધ્યાન ઉપર લઈને અમોને સંપૂર્ણ માહિતી તથા રેકર્ડ આધારીત આધાર પુરાવા સાથે સાંભળી ને એક ન્યાય ના હિતમાં યોગ્ય તપાસ કરીને વિજ કંપની ના નિયમોનુસાર નવા વિજ જોડાણ મેળવવા અરજી સાથે લેવામાં આવતા તમામ ડોકયુમેન્ટ ફરીથી માંગવામાં આવે તો, જે નવું વિજ જોડાણ મેળવવા અરજી કરનાર જીગ્નેશભાઈ રમેશભાઈ સુતરીયા પાસેથી તેની પાસે એવા કોઈ રેકર્ડ આધારીત આધાર પુરાવા નથી. તેમજ પીજીવીસીએલ વિજ કંપની ના નિયમ અનુસાર જે નકકી કરેલા ડોકયુમેન્ટ રજૂ કર્યા બાદ, કનેકશન ઈસ્યુ કરવામાં આવે છે. પણ અમોની જાણમાં આવેલ છે કે, જમીન દફતર વિભાગ ની કચેરી પાસેથી આર્થિક સધ્ધરતા નો ગેરલાભ લઈને, માત્ર ને માત્ર એક માપણી શીટ ના આધારે પીજીવીસીએલ વિજ કંપની વિજ કનેકશન આપે ખરૂં ? આ બાબતે ચમારડી ગ્રામ પંચાયત કચેરીના તલાટી કમ મંત્રી સાહેબશ્રી દ્વારા વિજ કંપની નું આવેલ સબ ડિવિઝન કચેરી વલ્લભીપુર, તેના નાયબ ઈજનેર સાહેબને લેખિતમાં રીપોર્ટ આપેલ છે તેની નકલ આ સાથે સામેલ છે. જે ધ્યાન ઉપર લેવા વિનંતી છે.

૧.૪ આ બાબતે અમો ફરીયાદીને ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમના હુકમ કર્યો છે તે બાબતે, આગામી સમયમાં અમોને રૂબરૂ આપની કચેરીમાં સમય અને તારીખ આપવામાં આવે. જે સમયે અમો અરજદાર રેકર્ડ સાથે હાજર રહેશું. જેથી કરીને ખોટા આધાર પુરાવા રજૂ કરીને અમારી જમીન જગ્યા ઉપર ખોટું વિજ જોડાણ ઈસ્યુ ન થાય, અને ગ્રાહક નિવારણ ફોરમને જે ગેર સમજો વિસ્મૃતિ થયેલ છે તે ધ્યાન ઉપર આવે તેવી મારી વિનંતી છે.

૧.૫ તેમજ આ અમોની ફરીયાદ રજૂઆત નો કોઈ નિકાલ ન થાય ત્યાં સુધી આ નવું વિજ જોડાણ ની અંગેની આગળની કોઈપણ પ્રકારની આગળની કાર્યવાહી ન કરવા વિનંતી છે. જેથી, કરીને અમો સાથે અન્યાય ન થાય આ બાબતે આપની કક્ષાએ થી યોગ્ય તપાસ કરવા વિનંતી છે. આ બાબતે કરેલ કાર્યવાહી જાણ અમોને કરવા અમોની માનસર અરજ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

સદર બાબતે નાયબ ઈજનેર, વલ્લભીપુર પેટા વિભાગીય કચેરી, દ્વારા સંદર્ભ પત્ર નં–૩ થી પ્રત્યુતર પાઠવવામાં આવેલ છે. તે મુજબ અત્રેની કચેરી દ્વારા સંદર્ભ પત્ર નં–૪ થી કન્વીનરશ્રી, ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, ઝોનલ ઓફીસ, ભાવનગર ને પ્રત્યુતર પાઠવવામાં આવેલ હતો. જેમાં, જીગ્નેશભાઈ રમેશભાઈ સુતરીયા દ્વારા તા.૨૮/૩/૨૦૧૯ ના રોજ સર્વે નં–૧૦૪૫ પૈકી ૨૩ માં ૭.૫ એચ.પી. નું નવું ખેતીવાડી વિજ જોડાણ મેળવવા વલ્લભીપુર પેટા વિભાગીય કચેરી એ અરજી કરેલ હતી. તે અનુસંધાને જીગ્નેશભાઈ રમેશભાઈ સુતરીયા ને તા.૨૪/૧૨/૨૦૧૯ ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ અને તે અંદાજપત્ર ની રકમ તેમના દ્વારા તા.૪/૧/૨૦૨૦ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ.

૨.૧ વાંધેદાર શ્રી વિરમદેવસિંહ કુંવરસિંહ ગોહિલ ની વાંધા અરજી તા.૨૭/૬/૨૦૧૯ ને ધ્યાને લઈ, પ્રતિવાદી દ્વારા તલાટી મંત્રીશ્રી, ચમારડી નો સંપર્ક કરતા તેઓએ તા.૧૩/૧/૨૦૨૦ ના રોજ પ્રતિવાદી ની કચેરી સદર જમીન માં કબ્જાફેર નો વિવાદ ચાલતો હોય, તેમના દ્વારા અપાયેલ ગામ નમૂના નં–૧૬ ના આધારે વિજ કનેકશન ની કાર્યવાહી ન કરવા અને હાલ સ્થગીત કરવા જણાવેલ. ત્યારબાદ, તા.૧૭/૨/૨૦૨૦ ના રોજ જીગ્નેશભાઈ રમેશભાઈ સુતરીયા દ્વારા જરૂરી આધાર પુરાવા રજૂ કરેલ.

તા.૧૯/૨/૨૦૨૦ ના રોજ પ્રતિવાદી દ્વારા વાંધેદાર શ્રી વિરમદેવસિંહ કુંવરસિંહ ગોહિલ,મું.દરબારગઢ, ગામ – ચમારડી, તા.વલ્લભીપુર, જી.ભાવનગર ને પત્ર દ્વારા સદર રેવન્યુ સર્વે નં–૧૦૪૫ પૈકી ૨૩ માં તેમની માલીકી સાબિત કરવા માટે જરૂરી આધાર પુરાવા રજૂ કરવા જણાવેલ.

૨.૨ તા.૨૪/૨/૨૦૨૦ ના રોજ વાદી દ્વારા કોર્ટ માં કરેલ કેવીએટ...(૯) રજૂ કરેલ અને તા.૨૭/૨/૨૦૨૦ ના રોજ વાંધેદાર શ્રી દ્વારા અન્ય પુરાવાઓ રજૂ કરેલ.

૨.૩ તા.૨૧/૩/૨૦૨૦ ના રોજ પ્રતિવાદી ની કચેરી દ્વારા સદર કેસ ને ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ ને રીફર કરેલ ત્યારબાદ, તા.૨૭/૩/૨૦૨૦ ના મામલતદારશ્રી, વલ્લભીપુર ના પત્ર થી સદર કેસ ને તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં લેવા માટે જણાવેલ.

૨.૪ તા.૧૪/૭/૨૦૨૦ ના રોજ પ્રતિવાદી ની કચેરી ના આવકપત્ર નં–૬૫૮ થી ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ ને રીફર કરેલ કેસ નો જવાબ મળેલ, જેમાં જણાવ્યા મુજબ, જમીન કબ્જાફેર બાબતનો વિવાદ હોઈ નામ.સિવિલ કોર્ટ મારફત દાદ મેળવવાની થતી હોય, અરજી પરત મોકલાવેલ.

૨.૫ તા.૧૮/૭/૨૦૨૦ ના રોજ પ્રતિવાદી ની કચેરી ના પત્ર નં–૩૦૯૩ દ્વારા વાદીશ્રી તથા વાંધેદારશ્રી ને સદર ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ રીફર ના ચુકાદા બાબતે જણાવેલ અને વાંધેદારશ્રી ને નામ.સિવિલ કોર્ટ મારફત સદર વિજ કનેકશન આપવા સામે મનાઈ હુકમ મેળવી રજૂ કરવા જણાવેલ.

૨.૬ તા.૧૩/૮/૨૦૨૦ ના રોજ પ્રતિવાદી ની કચેરીના આવકપત્ર નં–૭૭૩ થી વાંધેદારશ્રી ની અરજી મળેલ. જેમાં જણાવ્યા મુજબ, તેઓને લેન્ડ રેકર્ડ ઓફીસમાંથી જમીન માપણી શીટ કઢાવવાની બાકી હોય, સદર શીટ મળ્યેથી રજૂ કરશે. ત્યાં સુધી સદર નવિન વિજ કનેકશન આપવાનું મોકુફ રાખવા અરજ કરેલ.

૨.૭ તા.૧૪/૮/૨૦૨૦ ના રોજ વાદીશ્રી દ્વારા ફરી જરૂરી દસ્તાવેજી પુરાવા તથા માપણી શીટ રજૂ કરેલ.

૨.૮ તા.૨૦/૮/૨૦૨૦ ના રોજ વાંધેદારશ્રી એ પ્રતિવાદી ની કચેરીના આવકપત્ર નં–૮૧૯ થી ફરી વાંધા અરજી રજૂ કરી અને તેની કોપી પીજીવીસીએલ ની વડી કચેરીઓમાં આપી, જેના અનુસંધાને પ્રતિવાદી ની કચેરી એ તા.૩/૯/૨૦૨૦ ના રોજ તેમની વાંધા અરજી નો જવાબ આપતા તેમને ફરી વખત નામ.સિવિલ કોર્ટ મારફત સદર વિજ કનેકશન આપવા સામે મનાઈ હુકમ મેળવી રજૂ કરવા જણાવેલ.

૨.૯ તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ વાંધેદારશ્રી એ પ્રતિવાદી ની કચેરી ના આવકપત્ર નં–૧૧૫૯ થી સદર વાંધા અરજી ને લગતા અન્ય પુરાવાઓ રજૂ કરેલ છે.

૨.૧૦ સદર બાબત ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, પીજીવીસીએલ, ઝોનલ કચેરી, ભાવનગર દ્વારા કેસ નં–૫૩/૨૦–૨૧ થી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. અને સંદર્ભ પત્ર નં–૧ થી કરવામાં આવેલ કે, વાંધો લેનાર શ્રી વિરમદેવસિંહ કુંવરસિંહ ગોહિલ, સર્વે નં–૧૦૪૫/૨૩ ની પોતાની માલીકી કે કબ્જો અંગેના કોઈપણ રેવન્યુ દસ્તાવેજ પ્રતિવાદી ની કચેરીમાં રજૂ કરેલ નથી અને વારંવાર લેખિત વાંધાઓ, પુરાવાઓ વગર પ્રતિવાદીની કચેરીમાં આપેલ છે. જયારે, રજૂ થયેલ રેવન્યુ રેકર્ડસ પરથી સ્પષ્ટ જણાય છે કે, સર્વે નં–૧૦૪૫/૨૩ ની માલીકી શ્રી જીગ્નેશભાઈ રમેશભાઈ સુતરીયા ની હોય, પ્રતિવાદીએ શ્રી જીગ્નેશભાઈ રમેશભાઈ સુતરીયા ને વિજ જોડાણ અપાવું.

૨.૧૧ ઉપરોકત હુકમ ના અનુસંધાને પ્રતિવાદી દ્વારા સદર વિજ જોડાણ ના પોલ ઉભા કરી, વાયરીંગ કામ કરાવેલ છે. જયારે, હાઈવે રોડ ની કામગીરી ચાલુ હોય, માત્ર એક ગાળાનું રોડ ક્રોસ નું વાયરીંગ કામ બાકી છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શ્રી વિરમદેવસિંહ કુંવરસિંહ ગોહિલ, ગામ–ચમારડી, તા.વલ્લભીપુર એ એવા મતલબની રજૂઆત કરેલ છે કે, ભાવનગર ફોરમે જીગ્નેશભાઈ રમેશભાઈ સુતરીયા ના કેસ નં–૫૩/૨૦૨૦–૨૧ થી કરેલ હુકમ સબબ વાદી અરજદાર ની વાંધા અરજી ધ્યાનમાં લીધેલ નથી અને એકતરફી નિર્ણય કરી, જીગ્નેશભાઈ રમેશભાઈ સુતરીયા ની તરફેણમાં તેઓને ખેતી વિજ જોડાણ આપવાનો હુકમ કરેલ છે.

૩.૨ ભાવનગર ફોરમે જીગ્નેશભાઈ રમેશભાઈ સુતરીયા એ કરેલ રજૂઆતનો કેસ નં–૫૩/૨૦૨૦–૨૧ માં બધાજ દસ્તાવેજી પુરાવાઓ અને વાદી તથા પ્રતિવાદી અને રેવન્યુ રેકર્ડ ને ધ્યાને લઈ, જીગ્નેશભાઈ રમેશભાઈ સુતરીયા ને તેની માલીકીના સર્વે નં–૧૦૪૫/૨૩ માં ખેતી વિજ જોડાણ આપવા માટેનો હુકમ કરેલ.

૩.૩ તા.૨૫/૩/૨૦૨૧ ના રોજ વાદી વિરમદેવસિંહ કે ગોહિલ સુનાવણી દરમ્યાન હાજર રહેલ, સુનાવણી દરમ્યાન આ કેસ ના વાદીએ રજૂઆત કરેલ કે, ગામ–ચમારડી માં સર્વે નં–૧૦૪૫ પૈકી ૨૨ તેઓની તથા તેમના ભાઈ શકિતસિંહ કુંવરસિંહ ગોહિલ અને ઉપેન્દ્રસિંહ કુંવરસિંહ ગોહિલ ની સંયુકત માલીકીની છે.

૩.૪ વાદીએ સુનાવણી દરમ્યાન લેખિતમાં રજૂઆત કરતાં, સર્વે નં–૧૦૪૫/૨૨ ના રેવન્યુ રેકર્ડ ૭/૧૨ ના ઉતારા, ૮–અ ના ઉતારા તેમજ હકકપત્રક રજૂ કરેલ.

૩.૫ ફોરમે આપેલ કેસ નં–૫૩/૨૦–૨૧ ના ચુકાદો એ જીગ્નેશભાઈ રમેશભાઈ સુતરીયા ની માલીકી ની જમીન ગામ–ચમારડીમાં સર્વે નં–૧૦૪૫/૨૩ માં ખેતી વિજ જોડાણ આપવા માટેની સુનાવણી કરી અને હુકમ કરેલ. જયારે, આ કેસના વાદી વિરમદેવસિંહ કુંવરસિંહ ગોહિલ એ કરેલ રજૂઆત તેમજ રજૂ કરેલ રેવન્યુ રેકર્ડ, સર્વે નં–૧૦૪૫/૨૨ માં જીગ્નેશભાઈ ને વિજ જોડાણ ન આપવું, તે અંગેની છે.

૩.૬ આમ, ફોરમે કેસ નં–૫૩/૨૦–૨૧ ના કરેલ હુકમ ના જમીન સર્વે નંબર તેમજ આ કેસ ના વાદી વિરમદેવસિંહ કે ગોહિલે લીધેલ વાંધાનો સર્વે નંબર બન્ને અલગ છે. તેથી, વાદીએ કરેલ રજૂઆતમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

P.G.V.C.L. Bhavnagar – Grievance Redressal Forum

-:: હુકમ ::-

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

ગેરહાજર
(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ.આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૨૫/૦૩/૨૦૨૧.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.